# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર ક્રમાંક : ૨૩૫ /૨૦૨૫

વિષય : સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના ઓનલાઇન એનરોલમેન્ટ માટે રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ : ૧. આ યુનિવર્સિટીનો પરિપત્ર નં.૧૯૧/૨૦૨૫, તા.૨૬/૦૮/૨૦૨૫
૨. જીકાસ દ્વારા જાહેર કરેલ કાયદા સ્નાતક અભ્યાસક્રમનો પ્રવેશનો ખાસ તબક્કો – ૪, તા.૦૧/૦૯/૨૦૨૫
૩. જીકાસ દ્વારા જાહેર કરેલ અનુસ્નાતક અભ્યાસક્રમનો પ્રવેશનો ખાસ તબક્કો – ૬, તા.૦૩/૦૯/૨૦૨૫
૪. જીકાસ દ્વારા જાહેર કરેલ સ્નાતક અભ્યાસક્રમનો પ્રવેશનો ખાસ તબક્કો – ૨, તા.૦૬/૦૯/૨૦૨૫
૫. યુનિવર્સિટી નો પરિપત્ર નં.૨૦૧/૨૦૨૫, તા.૦૯/૦૯/૨૦૨૫
૬. જીકાસ દ્વારા જાહેર કરેલ સ્નાતક અભ્યાસક્રમનો પ્રવેશનો અંતિમ તબક્કો – ૨, તા.૧૨/૦૯/૨૦૨૫
૭. જીકાસ દ્વારા જાહેર કરેલ અનુસ્નાતક અભ્યાસક્રમનો પ્રવેશનો ખાસ તબક્કો – ૨, તા.૧૨/૦૯/૨૦૨૫
૮. યુનિવર્સિટી નો પરિપત્ર નં.૨૧૦/૨૦૨૫, તા.૧૮/૦૯/૨૦૨૫
૯. જીકાસ દ્વારા જાહેર કરેલ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમનો પ્રવેશનો કોમન તબક્કો – ૨, તા.૧૦/૧૦/૨૦૨૫

આ યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિભાગોના અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ-૯ થી જીકાસના કોમન તબક્કાથી આર્ટસ, કોમર્સ, સાયન્સ, મેનેજમેન્ટ, કોમ્પ્યુટર સાયન્સ, રૂરલ સ્ટડીઝ, એજ્યુકેશન, કાયદા(લો) તેમજ હોમ સાયન્સ વિદ્યાશાખામાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશની સમયમર્યાદા વધારેલ હોઈ, સંદર્ભ-૧ અને ૫ થી કરવામાં આવેલ પરિપત્ર અન્વયે સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સેમેસ્ટર–૧ માં ઓનલાઈન એનરોલમેન્ટ અંગેની નિયત ફી રૂપિયા ૧૦૦/- સાથે તા.૨૭/૧૦/૨૦૨૫ થી તા.૨૮/૧૦/૨૦૨૫ સુધી ત્યારબાદ નિયત ફી ૧૦૦/- અને લેઈટ ફી રૂપિયા ૧૦૦/- મળી કુલ રૂપિયા ૨૦૦/- સાથે તારીખ:૨૯/૧૦/૨૦૨૫ સુધીમાં કરી શકાશે. એનરોલમેન્ટ ફી માત્ર ઓનલાઈન જ ભરવાની રહેશે.

વધુમાં ઓનલાઈન એનરોલમેન્ટ અંગેની ઓનલાઈન ફી ભર્યાનું ચલણ, વિદ્યાર્થીઓની યાદી-બાહેંધરી પ્રમાણપત્ર (ERP પોર્ટલમાંથી ડાઉનલોડ કરેલ) ચકાસણી કરી આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરી તારીખ:૩૦/૧૦/૨૦૨૫ સુધીમાં યુનિવર્સિટી ખાતે બિનચૂક જમા કરાવવાના રહેશે.

નોંધ : તા.૧૭/૦૩/૨૦૨૫ ની કારોબારી સમિતિના ઠરાવ નં.૮.૫૪ તેમજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના બોર્ડ ઓફ મેનજમેન્ટના ઠરાવ નં.૮.૦૫ મુજબ રમત-ગમત વિદ્યાર્થી ફાળો, સાંસ્કૃતિક ફી તથા રમત-ગમત સંકુલ વિકાસ ફી ભરવામાં આવેલ ન હોય તેવી કોલેજોને શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માં એનરોલમેન્ટની કાર્યવાહી ન કરવા ઠરાવેલ હોઈ, એનરોલમેન્ટની કાર્યવાહી અટકાવવામાં આવશે. જેની નોંધ લેશો.

કુલસચિવ

નં.–એકે/પ્રવેશ/૫૨૫૮ /૨૦૨૫

તારીખ :૨૬ /૧૦/૨૦૨૫

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિભાગોના અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂં.

**નક્લ સવિનય રવાના (જાણ સારૂ) :-**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

**નક્લ સાદર રવાના (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ) :-**

૧. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.

૨. ડૉ.ધર્મેન્દ્ર ઠાકર, યુનિ. GCAS નોડલ ઓફિસર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.

૩. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (પરિપત્ર ફાઈલે)

૪. આંકડાશાસ્ત્ર શાખા, સંલગ્ન કોલેજો/વિભાગોને ઇ-મેઈલ કરવા સારૂ.

૫. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (યુનિવર્સિટીના વેબસાઈટ ઉપર મુકવા સારૂ)

૬. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.વડાલી, જી.સાબરકાંઠા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.

૭. ઈન્ફીનિટી ઈન્ફોવે.પ્રા.લી.રાજકોટ તરફ સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા સારૂ.

૮. સંબંધિત ફાઈલે.